અગ્રતાક્રમ-૯૨



ભાદર-૨ સિંચાઇ યોજનાની માઇનોર કેનાલો

* 15/4/1070 શ્રી રમેશભાઇ વીરજીભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે,-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાદર-૨ સિંચાઇ યોજનામાં કેટલી માઇનોર કેનાલ પાકી કરવાની કામગીરી બાકી રહેલ છે, અને | (૧) | ૧(એક) માઇનોર કેનાલ લાઇનીંગ (પાકી કરવાની) કામગીરી બાકી છે. |
| (૨) | તેની પાછળ અંદાજીત કેટલું ખર્ચ થનાર છે? | (૨) | રૂ.૧૫.૬૦ લાખ |

------------

# અગ્રતાક્રમ નં : ૧૨

રમેશભાઈ ટીલાળા (રાજકોટ દ.)

**પ્રશ્ન**

ભાદર-૨ સિંચાઇ યોજનામાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ થયેલ છે? અને તેનાથી કુલ કેટલા વિસ્તારમાં સિંચાઇ કરાવવામાં આવેલ છે?

**જવાબ**

ભાદર-૨ સિંચાઇ યોજનામાં છેલ્લા પાંચ વર્ષમાં દર વર્ષે ૧૭૩૦.૩૯ મી. ઘનફૂટ પાણીનો જથ્થો ઉપલબ્ધ થયેલ. જે માંથી નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારમાં સિંચાઇ કરાવવામાં આવેલ છે.

| ક્રમ નં. | વર્ષ | યોજનામાં પાણીનો જથ્થો(MCFT) | સિંચાઇ કરાવેલ વિસ્તાર (હેક્ટર) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૧૭૩૦.૩૯ MCFT | ૩૯૦૪ હેક્ટર |
| ૨ | ૨૦૨૦-૨૧ | ૧૭૩૦.૩૯ MCFT | ૪૫૭૩ હેક્ટર |
| ૩ | ૨૦૨૧-૨૨ | ૧૭૩૦.૩૯ MCFT | ૪૫૫૫ હેક્ટર |
| ૪ | ૨૦૨૨-૨૩ | ૧૭૩૦.૩૯ MCFT | ૪૨૮૧ હેક્ટર |
| ૫ | ૨૦૨૩-૨૪ | ૧૭૩૦.૩૯ MCFT | ૪૦૪૩ હેક્ટર |

# અગ્રતાક્રમ નં : ૧૨

મહેન્દ્રભાઈ પાડલીયા (ધોરાજી)

**પ્રશ્ન**

(અ) ભાદર-૨ સિંચાઈ યોજનાની કુલ સંગ્રહ શક્તિ કેટલી છે ?

(બ) ભાદર-૨ સિંચાઇ યોજનામાંથી ક્યા તાલુકાઓને તથા કેટલા ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે ?

**જવાબ**

(અ) ભાદર-૨ સિંચાઈ યોજનાની કુલ સંગ્રહ શક્તિ ૧૭૩૦ મી.ઘ.ફુટ છે. જે પૈકી ૧૪૭૮ મી.ઘ.ફુટ જીવંત જથ્થો તથા ૨૫૨ મી.ઘ.ફુટ મૃત જથ્થો છે.

(બ) ભાદર-૨ સિંચાઇ યોજનામાંથી

(૧) ધોરાજી જુથ યોજના કે જેમાં ૩૦ ગામોને તેમજ

(૨) માણાવદર અને કુતિયાણા જુથ યોજના કે જેમાં ૩૭ ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે.

# અગ્રતા ક્રમ નં : ૧૨

ઉદયભાઈ કાનગડ (રાજકોટ પૂર્વ)

**પ્રશ્ન**

ભાદર-૨ સિંચાઇ યોજના માંથી ઘેડ વિસ્તારનાં કેટલા ગામોને સિંચાઇનો લાભ મળે છે ? તેનાથી કેટલા વિસ્તારને લાભ મળે છે ?

**જવાબ**

ભાદર-૨ સિંચાઇ યોજનામાંથી ઘેડ વિસ્તારનાં અંદાજીત ૬૫ જેટલા ગામોના અંદાજે ૯૮૦ હેકટર વિસ્તારને સિંચાઇનો પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ મળે છે.

# પુરક નોંધ

- ભાદર-૨ સિંચાઇ યોજના ભાદર નદી ઉપર રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના ભુખી ગામ પાસે ધોરાજી શહેરથી અંદાજે ૧૦ કિ.મી. અંતરે આવેલી છે.
- આ ભાદર સિંચાઇ યોજનાનુ કામ વર્ષ ૨000 મા પુર્ણ કરવામાં આવેલ છે.
- આ યોજનામાં ૪૯×૩૫ ફુટ સાઇઝના ૨૨ નંગ ત્રીજયાવર્તી દરવાજાનુ કામ વર્ષ ૨૦૦૨માં પુર્ણ થયેલ છે.
- આ યોજનાની દરવાજા સહિતની સંપુર્ણ કામગીરી પુર્ણ કરી વર્ષ ૨003થી પાણીનો સંગ્રહ કરવામા આવે છે.
- સદરહુ સિંચાઇ યોજનાનો જીવંત જથ્થો ૧૪૭૭.૯૦ મી. ઘનફૂટ અને મૃત જથ્થો ૨૫૨.૪૯ મી. ઘનફૂટ છે.
- આમ, કુલ સંગ્રહશક્તિ ૧૭૩૦.૩૯ મી. ઘનફૂટ છે તેમજ આ યોજનાનો કુલ સી.સી.એ. ૯૯૬૫ હેક્ટર છે.
- આ યોજનાની મુખ્ય નહેરની કુલ લંબાઇ ૩૨,૭૧૭ મીટર થાય છે.

- જેનાથી ૧૯૪૦ હેકટર સિંચાઇનો લાભ મળે છે.
- આ મુખ્ય નહેરમાંથી કુલ ૮ માઇનોર કેનાલ (૭ પાઇપ કેનાલ નું કામ વર્ષ ૨૦૧૪માં પુર્ણ થયેલ છે તેમજ ૧ ઓપન કેનાલનું બાકી રહેલલાઇનીંગ કામ (પાકી કરવાનું) અંદાજીત વર્ષ: ૨૦૨૪-૨૫માં પુર્ણ કરવાનું આયોજન છે).
- આ યોજનાની ડીસ્ટ્રીબ્યુટરી નહેર ડી-૧ એલ તથા ડી-૨ આરની કુલ લંબાઇ ૨૧,૬૬૬ મીટર છે. જ્યારે ડીસ્ટ્રીબ્યુટરી નહેર ડી-૧ એલની કુલ ૮ માઇનોર કેનાલ કરવાનું આયોજન હતુ.
- જેમાંથી ૫ માઇનોર પાઇપ કેનાલનું કામ વર્ષ ૨૦૧૪માં પુર્ણ થયેલ છે.
- જેનાથી ૪૩૪ હેકટર સિંચાઇનો લાભ મળે છે. જ્યારે બાકી રહેલ ૩ માઇનોર કેનાલને સરકારશ્રી દ્વારા ઓપન કેનાલ બનાવવા માટેની મંજુરી આપેલ. પરંતુ, ખેડૂત ખાતેદારો દ્વારા ઉક્ત ૩ માઇનોર કેનાલને ઓપન કેનાલને બદલે પાઇપ કેનાલ બનાવવાની રજુઆત કરતાં સરકારશ્રી દ્વારા શરતોને આધિન મંજુરી આપવામાં આવેલ. પરંતુ, ખેડૂત ખાતેદારો દ્વારા શરતોનું પાલન ન કરતાં ૩ માઇનોર કેનાલનું કામ હાલ બાકી રહેલ છે.

- આ યોજનામાં નહેર દ્વારા કુલ ૬,૨૭૧ હેકટર વિસ્તારમાં સિંચાઇનો લાભ મળે છે.
- આ યોજના માંથી (૧) ધોરાજી જુથ યોજના કે જેમાં ૩૦ ગામોને તેમજ (૨) માણાવદર અને કુતિયાણા જુથ યોજના કે જેમાં ૩૭ ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે.
- આ યોજનામાંથી રજુઆત મળ્યે ઘેડ વિસ્તારમાં ખેડુત ખાતેદારોના પિયત માટે ભાદર-૨ યોજનાના ગેઇટ દ્વારા પાણી છોડવામાં આવે છે. જેનાથી અંદાજીત ૬૫ ગામોને કુલ ૯૮૦ હેક્ટર સિંચાઇનો લાભ મળે છે.
- ભાદર-૨ સિંચાઇ યોજનાની નીચવાસમાં ઉપલેટા-૨ ચેકડેમ, ઇશરા-૧ ચેકડેમ, ઇશરા-૨ ચેકડેમ, ભીમોરા ચેકડેમ, કુંઢેચ ચેકડેમ જેવા મોટા ચેકડેમો આવેલા છે.
- જેના દ્વારા અંદાજે કુલ ૧,૧૭૧ હેકટર જમીનને સિંચાઇ નો લાભ મળે છે.

## અગ્રતા ક્રમ નં. : ૧૨

પ્રશ્ન ક્રમાંક : ૧૦૭૦

મુળ પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ:શ્રી રમેશભાઇ વિરજીભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ)

વિષય :ભાદર-૨ સિંચાઇ યોજનામાં માઇનોર કેનાલ પાકી કરવાની કામગીરી બાબત.

### પુરક પ્રશ્ન

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | ભાદર-૨ સિંચાઇ યોજનાની કુલ સંગ્રહશક્તિ કેટલી છે તથા તેનો સી.સી.એ. કેટલા હેક્ટર છે ? | ભાદર-૨ સિંચાઇ યોજનાનો જીવંત જથ્થો ૧૪૭૭.૯૦ મી. ઘનફૂટ અને મૃત જથ્થો ૨૫૨.૪૯ મી. ઘનફૂટ છે. આમ, કુલ સંગ્રહશક્તિ ૧૭૩૦.૩૯ મી. ઘનફૂટ છે તથા તેનો સી.સી.એ. ૯૯૬૫ હેક્ટર છે. |
| ૨ | ભાદર-૨ સિંચાઇ યોજનાની મુખ્ય, ડીસ્ટ્રી. અને માઇનોર નહેરોની લંબાઇ કેટલી છે.? | ભાદર-૨ સિંચાઇ યોજનાની મુખ્ય ૩૨,૭૧૭ મી. ડીસ્ટ્રી. ૨૧,૬૬૬ મી. અને માઇનોરની ૮,૮૩૧ મી.ની લંબાઇ છે. |
| ૩ | ભાદર-૨ સિંચાઇ યોજનામાં કુલ કેટલી લંબાઇમાં પાકી કેનાલ બનાવેલ છે ? | ભાદર-૨ સિંચાઇ યોજનામાં કુલ ૫૪,૩૮૩ મી. લંબાઇમાં પાકી કેનાલ બનાવેલ છે. |
| ૪ | ભાદર-૨ સિંચાઇ યોજનામાં બાકી રહેલ કેનાલનું લાઇનીંગ કામ (પાકી કરવાનું) ક્યારે પુર્ણ કરવામાં આવશે ? | ભાદર-૨ સિંચાઇ યોજનામાં બાકી રહેલ કેનાલનું લાઇનીંગ કામ (પાકી કરવાનું) અંદાજીત વર્ષ: ૨૦૨૪-૨૫માં પુર્ણ કરવાનું આયોજન છે. |
| ૫ | આ યોજનામાં ઓપન માઇનોર કેનાલ છે ? જો હા, તો તેમની લંબાઇ કેટલી છે ? | હા, ૧ (એક) ઓપન માઇનોર છે તેની કુલ લંબાઇ ૧,૬૬૫ મીટર છે. |

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૬ | ભાદર-૨ સિંચાઇ યોજનામાં નહેર દ્વારા કુલ કેટલા વિસ્તારમાં સિંચાઇનો લાભ મળે છે? | ભાદર-૨ સિંચાઇ યોજનામાં નહેર દ્વારા કુલ ૬,૨૭૧ હેકટર વિસ્તારમાં સિંચાઇનો લાભ મળે છે. |
| ૭ | ભાદર-૨ સિંચાઇ યોજનામાં કુલ કેટલા મીટર પાઇપકેનાલ મંજુર થયેલ છે ? | ભાદર-૨ સિંચાઇ યોજનામાં કુલ ૨૩,૭૫૯ મીટર પાઇપકેનાલ મંજુર થયેલ છે. |
| ૮ | ભાદર-૨ સિંચાઇ યોજનામાંથી ઘેડ વિસ્તારમાં પાણી છોડવામાં આવતુ હોય તેનાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળે છે ? | ભાદર-૨ સિંચાઇ યોજનામાંથી ઘેડ વિસ્તારમાં પાણી છોડવામાં આવતુ હોય તેનાથી અંદાજીત ૯૮૦ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળે છે. |
| ૯ | ભાદર-૨ સિંચાઇ યોજનામાંથી નહેર દ્વારા અંદાજીત કેટલા પાણ આપવામાં આવે છે? | ભાદર-૨ સિંચાઇ યોજનામાંથી નહેર દ્વારા રવિ સીઝનમાં અંદાજીત ૬ પાણ તથા પ્રિ-ખરીફ સીઝનમાં અંદાજીત ૨ પાણ આપવામાં આવે છે. |
| ૧૦ | ભાદર-૨ સિંચાઇ યોજનામાં કેટલી માઇનોર પાઇપ કેનાલ મંજુર થયેલ છે ? | ભાદર-૨ સિંચાઇ યોજનામાં કુલ ૧૫ માઇનોર પાઇપ કેનાલ મંજુર થયેલ છે. |

## અગ્રતા ક્રમ નં : ૧૨

પ્રશ્ન:- (૪)

ભાદર-૨ સિંચાઇ યોજનાના માટીબંધની લંબાઈ કેટલી છે ? આ યોજનાની સિંચાઈ શક્તિ કેટલી છે ? આ યોજનામાં કેટલા દરવાજા છે તેમજ તેની સાઈઝ કટેલી છે ?

જવાબ:- (૪)

- ભાદર-૨ સિંચાઇ યોજનાના માટીબંધની લંબાઈ ૩૦૨૧.૭૦ મીટર છે.
- આ યોજનાની સિંચાઈ શક્તિ ૮૫૭૦ હેકટર છે.
- આ યોજનામાં કુલ ૨૨ નંગ દરવાજા છે જેની સાઈઝ ૧૪.૯૩૫ મી. X ૧૦.૬૭ મી. છે.